PARIPEX - INDIAN JOURNAL OF RESEARCH | Volume - 12 | Issue - 10 |October - 2023 | PRINT ISSN No. 2250 - 1991 | DOI : 10.36106/paripex

ORIGINAL RESEARCH PAPER

Literature

# SYSTEM NA BAHERA KAAN NI VAARTA: 'HU DINAPUR THI BOLU CHU'

**KEY WORDS:** સર્વજ્ઞ કથક, પરિવેશ, સિસ્ટમ, સામૂહિક માનસ, કોમ્યુનિકેશનનું સાધન, સંવાદ, પરાકાષ્ઠા.

**Aashka Pandya** Arts and Commerce College, Near Railway Crossing, Vadnagar

**ABSTRACT**

પન્ના ત્રિવેદીની એક વિશેષતા તે રાજકીય પરિસ્થિતિનું નિરૂપણ છે. 'હું દીનાપુરથી બોલું છું' એ તેમની આવી જ વાર્તા છે. આ વાર્તામાં ટેલિફોનનો, કોમ્યુનિકેશનના સાધનનો એક પ્રયુક્તિલેખે વિનિયોગ કરીને સર્જક સિસ્ટમની જડતા અને સાથે જ લોકોની સામૂહિક માનસિકતાને ઉજાગર કરે છે. ગામનો પરિવેશ પણ વિષયને વળ ચઢાવે છે. મીનલ દવે અને પ્રભુદાસ પટેલની વાર્તાઓના પરિવેશ સાથે આ વાર્તાના પરિવેશની તુલના કરીને પરિવેશની આ વાર્તા સંદર્ભે અગત્યતા સમજાવી છે. ગજોધરની ભાષાની સંવેદનશીલતા અને અન્ય પાત્રોની બોલીના પાસવાળી તોછડી ભાષાની સહોપસ્થિતિ પણ વાર્તાના આકારને ઘડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

પન્ના ત્રિવેદીની વાર્તાઓમાં નોટબંધી, સ્ટાર્ટ અપ, સરકારી નોકરીમાં કોન્ટ્રાક્ટપ્રથા જેવી સમકાલીન બાબતોની સામાન્ય વ્યક્તિના જીવન પર થતી અસરોનું આલેખન જોવા મળે છે. કહો કે, તેમની આંખ સતત આસપાસ બનતી રાજકીય-સામાજિક સ્થિતિને સામાન્ય માનવીના દૃષ્ટિકોણથી જુએ છે. 'ચપટી', 'ટ્રેનિંગ' અને 'હું દીનાપુરથી બોલું છું' જેવી વાર્તાઓ આ વાતના દૃષ્ટાંતરૂપે જોઈ શકાય. જો કે, સામાન્ય માનવીના દૃષ્ટિકોણની સાથે જ સર્જકનો કલાત્મક દૃષ્ટિકોણ પણ આ વાર્તાઓમાં જોવા મળે છે.

સર્વજ્ઞનું કથનકેન્દ્ર ધરાવતી 'હું દીનાપુરથી બોલું છું'નો આરંભ બાસઠ વર્ષનો ગજોધર વનમાળી રોજની જેમ આજે પણ હાંફતા હાંફતા ટેકરીનો ઢોળાવ ચઢીને રામુના ગલ્લે આવે છે તે ક્ષણથી થાય છે. હંમેશની જેમ ગજોધર વીસ રૂપિયાની નોટ રામુને આપીને એક-એક રૂપિયાના વીસ સિક્કા લે છે. ત્યાં ઊભેલા વાલજી અને કાનજી ગજોધરની ઠેકડી ઉડાવે છે. ગજોધર સમસ્યા નિવારણ કેન્દ્ર પર ફોન જોડે છે. પહેલીવાર તો ફોન લાગતો નથી. માંડમાંડ લાઈન મળે અને ગજોધર ધીરજથી પોતાનું નામ, ગામનું નામ અને અગાઉના સાહેબ જોડે થયેલી વાતચીત – બધું કહે અને સાથે ગામની સમસ્યા પણ સમજાવે. ત્યાં સામે છેડેથી ફોન કપાઈ જાય છે. નિશાળનું મકાન બાંધવાનો પ્રસ્તાવ, સારો ખોરાક, દવાખાનું, શૌચાલય વગેરે વ્યવસ્થા ગામ માટે કરવાનું ચૂંટણી વેળાએ મંત્રીજીએ વચન આપ્યું હતું એ આખી વાત ગજોધર વિનમ્રતાથી કહે. સામેથી જવાબ મળે કે પીવાનું પાણી અને વીજળીનો વાયદો તો બીજી પાર્ટીનો હતો, અમારી પાર્ટીનો નહીં. અત્યારે તમારી પાર્ટી સત્તામાં છે. આવનારી ચૂંટણીમાં તમને જ ગામલોકોનો વોટ મળશે એવો વાયદો પણ ગજોધર કરે. સામેથી પ્રશ્ન આવે કે ગામની વસ્તી કેટલી છે? ગજોધર કહે કે એકસો ને દસ. આ તુચ્છ આંકડો સાંભળતાવેંત ફોન કપાઈ જાય અને ટેલિફોનના લાલ ડબલામાંથી ટુ...ટુ...ટુનો અવાજ સંભળાયા કરે. ગજોધરને આરંભે સાંભળેલું રામુનું હાસ્ય સંભળાય ત્યાં વાર્તા પૂરી થાય. વાર્તાનો આરંભ જુઓ.

'બાસઠ વરસનો ગજોધર ટેકરીનો ઢાળ ચઢતાં-ચઢતાં હાંફી ગયો... એક તો ઉંમરનો થોડોક થાક વર્તાતો હતો અને બીજો સખ્ખત પથરીલા રસ્તે ચાલ્યાનો થાક બેવડાયો હતો.' (પૃ-૩૧)

કથક પ્રમુખ પાત્રની ક્રિયાથી વાત કહેવાની શરૂ કરે છે. 'ટેકરીનો ઢાળ', 'પથરીલો રસ્તો' એ માત્ર પરિવેશ નથી દર્શાવતાં પરંતુ ગામલોકોની સમસ્યાઓ અને તેના ઉકેલ માટેનો માર્ગ સરળ નથી તે પણ સૂચવે છે. વાર્તામાં આ રીતે પરિવેશનો વિનિયોગ થાય ત્યારે વાર્તા વિશેષ આસ્વાદ્ય બને છે. પ્રભુદાસ પટેલની 'ફૂવો' અને મીનલ દવેની 'ચકુ' અહીં સહજપણે યાદ આવે. આ બંને વાર્તામાં પણ પરિવેશની ગૂંથણી સ-રસ થઈ છે.

ગજોધરના પ્રયત્નોની હાંસી ઉડાવતા વાલજી-કાનજીની જોડી મૂકીને વાર્તાકાર ગામલોકોના સામૂહિક માનસને દર્શાવે છે. એક તરફ ગજોધરની વેદનશીલતા અને બીજી તરફ ગામલોકોની સંવેદનહીનતા, જડતાની સહોપસ્થિતિ વિષયને વળ ચઢાવે છે. કથક પરસેવે નીતરતા, હાંફતા ગજોધર પાસેથી કેમેરા લઇ જાય રેડિયો પર વાગતા ગીતના તાલે માથાં ધૂણાવતા કાનજી-વાલજી પર.

“ 'ચક્કઈડું ફેરવવાના કે? હી હી હી...' હસતાં વાલજીને કંઈ યાદ આવ્યું હોય તેમ ફાળિયું સહેજ સરખું કરતો બોલ્યો: 'ચક્કઈડું નંઈ...શું ક્યો? હો...ફૂણ! ફૂણ લગાવવાના કે?'...કાનજીએ બંડીના અંદરના ખિસ્સામાંથી તમાકુની તડપલી કાઢી, મસળતાં પૂછ્યું: 'હવે આજે શું કે'વાના?'... કાનજીથી હસવું રોકાતું નહોતું. મોંમાં નાંખેલી તમાકુના લીધે તે ખુલ્લું હસી ન શક્યો.” (પૃ-૩૨)

ગલ્લાવાળો રામુ એક નાનખટાઈ ગજોધર તરફ ધરે. ગજોધર કાનજી-વાલજીની વાતોથી થયેલી અકળામણ ભૂલી નાનખટાઈ લેવાની ના પાડે. જવાબમાં જોરદાર અવાજ સાથે હસીને રામુ કહે, 'ના-ના બાપા... હમણે નંઈ. આ તો પછીથી આલ્વા કાઢી છ. સાહેબ જોડે વાત કરી લીધાં પછી કંઈ ગબડી પડસો તો ઉપાધિ. ઘેર જવાનું છ ને ઢાળેય ઉતારવાનો પાહો.' (પૃ-૩૩)

રામુ, વાલજી અને કાનજીની ચેષ્ટાઓ – તમાકુ મસળવી, બીડી પીવી, મેલના થર બાઝેલી આંગળીઓથી ફોનનું ડાયલ ફેરવવું, અવાજ સાથે હસવું ઈત્યાદિ વડે તેમની યથાતથ સ્થિતિ સ્વીકારી લેવાની વૃત્તિ દર્શાવે છે. તેમના ગજોધરની મજાક ઉડાવતાં સંવાદો વડે ગામલોકોના સામૂહિક માનસને વાર્તાકાર રજૂ કરે છે. આ સંવાદો વાંચતાં નવનીત જાનીની વાર્તા 'કાલની ઘડી ને આજનો દિ'માં ગામલોકોના જે સંવાદો છે તે યાદ આવી જાય. એ વાર્તામાં 'વિકાસ', 'વીજળી' અને 'સેઝ'માં અટવાયેલા ગામલોકોછે. અહીં તો દીનાપુર એવું અંતરિયાળ ગામ છે કે જેનું નામ પણ સરકારના ચોપડે નથી. કહો કે, સરકાર માટે આ ગામનું અસ્તિત્વ જ નથી. તેથી સરકારના ચોપડે ગામનું નામ નોંધાવવા જ ગજોધર ગામમાં નિશાળ થાય તેમ ઈચ્છે છે.

'દીનાપુરમાં એક નિશાળ થઈ જાય તો જે છોકરાંવને ખુલ્લામાં બેસાડી જે શીખવું છું તે... તે લોકોનાં નામ ચોપડે ચડે. ને એકવાર નામ ચોપડે ચડે તો ગામનું નામ પણ મોટા લોકના ચોપડે ને આંખે ચઢ્યું હમજ.' (પૃ-૩૩)

વાર્તામાં અગત્યની પ્રયુક્તિ સંવાદો છે. બીજી સરસ પ્રયુક્તિ ફોનની છે.

ગજોધર સમસ્યા નિવારણ કેન્દ્રના અધિકારી સાથે વાત કરે છે. સામા પક્ષેથી શું બોલવામાં આવે છે તે વાર્તાકાર દર્શાવતાં નથી. તેઓ માત્ર ગજોધરના જ સંવાદો લખે છે. ફોન કોમ્યુનિકેશનનું સાધન છે પણ એ ફોનનું કપાઈ જવું, લાઈન ન મળવી અને અધિકારીના સંવાદ ન લખીને વાર્તાકાર ભારપૂર્વક સિસ્ટમના બહેરા કાન ગામલોકોની ફરિયાદ સાંભળવા તૈયાર નથી તે સૂચવે છે. ફોન અહીં સંવાદનું સાધન નથી. એ જ રીતે સામે બેઠેલા અધિકારી દરેક વેળાએ બદલાઈ જાય છે એ પણ સૂચક છે. અધિકારી બદલાય છે પણ સિસ્ટમની રીતભાત તો એની એ જ રહે છે. ચૂંટણીના વોટની વાતે અધિકારી વાત સાંભળવા તૈયાર થાય છે. વાર્તાકારે ગજોધરના સંવાદો જે ક્રમમાં મૂક્યાં છે તે ક્રમ પણ અગત્યનો છે. વોટવાળો સંવાદ તો વાર્તાના અંતે આવે છે. કહો કે, પરાકાષ્ઠા જ આ સંવાદથી સિદ્ધ થઈ છે.

'તમારી વાત સાચી કે પીવાના પાણી ને વીજળીનો વાયદો કરનાર માણસો બીજી પાર્ટીના હતાં. પણ એ લોકો તો હારી ગયા છે. પણ સાહેબ આ વસ્તી તો તમારી કામગીરીની જગામાં આવે છે! ને ચૂંટણી વખતે તમારા માણસો પણ સુખીપુરમાં આવેલા. હું હતો ત્યાં સંભાળવામાં. તમારામાંના કોઈકે લાઉડસ્પીકરમાં એવું કહેલું સાહેબ કે સુખીપુરા જીલ્લાના જેટલાં પણ ગામ છે તે બધાંને સગવડો પહોચાડવામાં આવશે. કઠણાઈ તો એ છે કે આ જંગલ વિસ્તારમાં વસ્તીની ભાળ કોણ લે? કોને કહેવું? શું કરવું? રોજ રોજ મુંઝારો થાય છે... હા, હજી તો વાર છે બીજી ચૂંટણીને, પણ આ વસ્તીનાં લોક નામ વાંચશે ત્યારે તમારા લોકોના નામ સામે નિશાન પાડશે ને સાહેબ!" (પૃ-૩૭)

પીવાનું પાણી અને વીજળી પ્રાથમિક જરૂરિયાત છે. તેમાંય એ વાયદો અમારો નહોતો જેવો જવાબ રાજકારણની સંવેદનહીનતા દર્શાવે છે. ગજોધર જેમતેમ કરી વોટની વાતે મનાવવા મથે પણ એકસો ને દસ વોટ (વ્યક્તિ નહિ) માટે કોણ લડે! તેમાંય ગજોધર એક માત્ર સક્રિય અને સંવેદનશીલ નાગરિક છે. બીજાને તો આ અંધકાર, અગવડો કોઠે પડી ગઈ છે. અહીં 'દીનાપુર' જેવાં અનેક ગામો યાદ આવી જાય. દીનાપુર જે જીલ્લામાં આવેલું છે એ જીલ્લાનું નામ 'સુખીપુરા' છે.

કથક આરંભે કેમેરા ગજોધર પર રાખે છે અને અંતે પણ કેમેરા ગજોધર પર રાખે છે. આખું ગામ આઉટ ઓફ ફોકસ છે. સરકારના ચોપડે, સરકારની આંખ સામે ગામને ગજોધર લાવવા, ચડાવવા મથે છે. પન્ના ત્રિવેદીએ રામુ, વાલજી કે કાનજીમાંથી કોઈને ગજોધર માટે સહાનુભૂતિ દર્શાવતાં બતાવ્યાં નથી એ યોગ્ય છે. વાર્તાકારે ગામલોકોની સંવેદનહીનતા દર્શાવીને વાસ્તવિક ચિત્ર રજૂ કર્યું છે. સામા પક્ષે સરકારી સિસ્ટમની સંવેદનહીનતા પણ એટલી જ અસરકારક પણ સંયમિત રીતે ફોનની પ્રયુક્તિથી ઉપસાવી છે. સરકારનું મૌન સૂચક છે. સંવાદોમાં બોલીનો માફકસરનો ઉપયોગ થયો છે. પરિવેશની જેમ જ સંવાદોમાં વ્યંગનો પુટ વિષયને ઉપકારક બન્યો છે. રામુનો આ સંવાદ જુઓ.

'એ લોકના માણસો બેઠેલા જ છે.' (પૃ-૩૩)
ગજોધર બે માણસોના મૃત્યુની વાત કરતાં બોલે છે,
'સાહેબ, આ હિસાબ મને નથી સમજાતો કે આખું જીવતર આગમાં ભડકો થતું રહે ને પછી તે જ માણસ મડદું બની જાય ત્યારે તેને તેના ભાગની આગ ના મળે!' (પૃ-૩૫)

વીજળી વિના જીવતાં ગામલોકો વિશે ગજોધર કહે છે,
'અંધારામાં જવાનો એ લોકને કોઈ ભો નથી સાહેબ પણ બીક તો એ લોકને અજવાળાની લાગે છે.' (પૃ- ૩૬)

આ રીતના વિષયને વળ ચઢાવતાં સંવાદો વાર્તાને કલાત્મક બનાવે છે. સંવાદો, પરિવેશ, કથકની પસંદગી, પાત્રોની ક્રિયાઓ, ફોન ઇત્યાદિ વડે વાર્તાકાર પન્ના ત્રિવેદી આ વાર્તામાં સરકારી સિસ્ટમની સંવેદનહીનતાને મુખર થયા વિના અસરકારક રીતે દર્શાવવામાં સફળ રહ્યાં છે.

**સંદર્ભ:**

૧) 'સાતમો દિવસ', પન્ના ત્રિવેદી, રન્નાદે પ્રકાશન, ૨૦૧૬